**રાજકોટ મહાનગરપાલિકા - આરોગ્ય શાખા - મેલેરિયા વિભાગ**

**રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ**

ડૉ. આંબેડકરભવન રૂમ નં. ૬, ત્રીજો માળ, બસ સ્ટેન્ડની પાસે,
ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૨.

: 0281 - 2237062 | : biologist_rmc@yahoo.in | Like us on Facebook : /malaria.department

**તા. ૧૫/૦૫/૨૦૨૦**

## અખબાર યાદી

પ્રતિ,
તંત્રીશ્રી,

| **૧૬ મે, "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" :** | **ડેન્ગ્યુ વિશે જાણીએ તથા સ્વયંને તથા પરીવારને ડેન્ગ્યુથી સુરક્ષિત કરીએ.** |
|---|---|
| ડેન્ગ્યુ ફેલાવતા એડિસ ઈજીપ્તી મચ્છર ચોખ્ખા અને સ્થિર પાણીમાં ઇંડા મુકે છે. ઇંડામાંથી મચ્છર બનતા ૭ થી ૧૦ દિવસનો સમય લાગે છે ત્યાર બાદ ચેપી મચ્છરના કરડયા પછી ૭ થી ૧૦ દિવસ બાદ ડેન્ગ્યુના લક્ષણ દેખાય છે. | |
| સામાન્ય રીતે સપ્ટેમ્બર થી નવેમ્બર માસ દરમ્યાન ડેન્ગ્યુના કેસો જોવા મળે છે. | ડ્રેનેજના પાણી, એઠવાડ, ઉંગી નીકળેલ ઘાસ, કાદવ કિચડ, કચરાના ઢગલા વગેરેમાં ડેન્ગ્યુના એડિસ ઈજીપ્તી મચ્છર ઉત્પન્ન થતા નથી. |

ડેન્ગ્યુ રોગ વિશે જાગૃતતા લાવવા તથા ટ્રાન્સમિશન સીઝન શરૂ થાય તે પહેલાં દેશમાં રોગના નિયંત્રણ માટે નિવારક પગલાંને વેગ આપવા ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની ભલામણ સાથે ૧૬ મી મેના રોજ 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ડેન્ગ્યુ ફિવર (ડીએફ) એ વિષાણું (વાયરસ) થી થતો અને મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. ડેન્ગ્યુ ફિવરના ગંભીર પ્રકારને ડેન્ગ્યુ હેમરેજીક ડિવર (ડી.એચ.એફ.) અને ડેન્ગ્યુ શોક સીન્ડ્રોમ (ડીએસએસ) તરીકે ઓળખાય છે. ડેન્ગ્યુ તાવના વાયરસ ફલેવી વાયરસ પ્રકારના છે અને તે સીરોટાઇપ ૧, ૨, ૩ અને ૪ (ડેન્ગ્યુ ૧, ૨ ૩ અને ૪ ) તરીકે ઓળખાય છે.

ડેન્ગ્યુનો મચ્છર (એડિસ) ચોખ્ખા પાણીમાં ઘરની અંદર રહેલ નાના – નાના પાત્રોમાં ઈંડા મુકે છે. તેના પોરા પાણીમાં ખુણો બનાવીને, જાણે ઊંધે માથે લટકતી સ્થિતિમાં તરે છે. તેને નરી આંખે સહેલાઈ થી જોઈ શકાય છે. આ મચ્છર ટાઈગર મચ્છર તરીકે જાણીતો છે, રંગે કાળો અને શરીરના પ્રુશ્ઠ ભાગ પર સફેદ રંગના ટપકા ધરાવે છે, અને આ મચ્છર ચેપી હોય તો ડેન્ગ્યુનો રોગ ફેલાવે છે. જયાં ઉત્પન્ન થાય છે. ત્યાં જ રોગ ફેલાવે છે. તેની ઉડયન ક્ષમતા ઓછી, આશરે 100 મીટર હોવાથી, આ મચ્છર ઘર કે કાર્યસ્થળે પાણીના સંગ્રહસ્થાનોમાં ઇંડા મુકતા જોવા મળે છે.

**ડેન્ગ્યુના લક્ષણો :–**

- સખત તાવ
- માથાના આગળના ભાગમાં દુખાવો અને કમરમાં દુખવો.
- આંખની પાછળ દુખાવો જે આંખના હલનચલનથી વધે છે.
- સ્નાયુ અને સાંધાનો દુખાવો.
- છાતી અને હાથ પર ઓરી જેવા દાણા.
- ઉબકા–ઉલટી.
- ભુખ ન લાગવી અને બે સ્વાદ, કબજીયાત.

**ડેન્ગ્યુની સારવાર :–**

- તાવ દરમ્યાન સંપુર્ણ આરામ.
- તાવ અને દુ:ખાવા માટે ટેબ. પેરાસીટામોલ પણ ટેબ. એસ્પીરીન ન જ લેવાય.
- સખત દુ:ખાવા માટે દર્દનાશક અથવા સામાન્ય ઘેન લાવનાર દવા આપવી.
- ઠંડા પાણીના પોતા મુકવાં, નબળાઇ, પુષ્કળ પસીનો કે ઝાડા અથવા ઉલ્ટી હોય તો ઓ.આર.એસ. દ્રાવણ, પુષ્કળ પ્રવાહી, ફળોનો રસ વગેરે.
- ડેન્ગ્યુ હેમરેજીક ફિવર (ડીએચએફ) કે ડેન્ગ્યુ શોક સીન્ડ્રમ (ડી.એસ.એસ.) માટે હોસ્પિટલાઇઝેશન કરાવવું.

એક સીરોટાઇપનો ચેપ લાગે તો તેના સામે કાયમી રોગ પ્રતિકારક શકિત મળે છે. પણ બીજા સીરોટાઇપથી રક્ષણ મળતું નથી, પરંતુ બીજી વારના રોગના હુકમો ગંભીર સ્વરૂપ લે છે.

**રોગનો ફેલાવો :–**

(૧) ડેન્ગ્યુ વાયરસનો ચેપ માણસમાં દિવસે કરડતા માદા એડિસ ઈજીપ્તી મચ્છર દ્વારા ફેલાય છે.

(૨) ડેન્ગ્યુ વાયરસના એકલ દોકલ કેસ સમગ્ર વર્ષ દરમ્યાન બનતા હોય છે. ડેન્ગ્યુ વાયરસનું જીવનચક્ર મનુષ્ય અને મચ્છર બંનેમાં ચાલુ રહે છે.

(૩) ડેન્ગ્યુના દર્દીને જયારે માદા એડીસ ઇજીપ્તાઇ મચ્છર કરડે છે ત્યારે ચેપ મચ્છરમાં ફેલાય છે અને ૮ થી ૧૦ દિવસમાં આ મચ્છર ચેપી બને છે. આવો મચ્છર આજીવન ચેપી રહે છે.માદા મચ્છર ૩ અઠવાડીયા સુધી સામાન્ય તાપમાનમાં જીવી શકે છે.

(૪) એડીસ મચ્છરો ઘરમાં બારશાખમાં અને અન્ય અંધારી જગ્યામાં રહે છે.

(૫) આ એડિસ ઈજીપ્તી મચ્છર આપણા ઘરમાં જ પાણી ભરેલ પાત્રો અથવા વરસાદી પાણી જમા થતુ હોય તેવી જગ્યાઓએ ઉત્પન્ન થાય છે જેમ કે.

- સીમેન્ટની ટાંકી
- સીડી નીચેની ટાંકી
- સિન્ટેક્ષની ટાંકી
- બેરલ, પીપ
- ટાયર, ડબ્બા ડુબ્લી વગેરે ભંગાર
- પક્ષીકુંજ
- પશુના પાણીના અવાડા
- નાળીયેરની કાછલી
- છોડના કુંડા, તેની નીચે રાખેલ પ્લેટ
- ફ્રિજની પાછળની ટ્રે
- માટલા
- સુશોભન માટેના ફુવારા

- અગાસી – છજજામાં જમા થતુ વરસાદી પાણી
- મનીપ્લાન્ટ, અન્ય પ્લાન્ટ માટેની કાચની બોટલ

વરસાદના વિરામ બાદ સ્થિર અને બંધિયાર ચોખ્ખા પાણીમાં એડિસ મચ્છર ઈંડા મુકે છે. આ ઈંડામાંથી પ્રથમ પોરા ત્યાર બાદ પ્યુપા તથા પુખ્ત મચ્છર બને છે. આમ ઈંડામાંથી પુખ્ત મચ્છર બનતા ૭ થી ૧૦ દિવસનો સમય લાગે છે.

એડિસ પુખ્ત મચ્છર જો ડેન્ગ્યુ વાઈરસથી ચેપી હોય તો ડેન્ગ્યુથી ચેપી બનેલ મચ્છરના કરડયા બાદ  માણસના શરીરમાં વિષાણું દાખલ થયા પછી લીમ્ફ ગ્લાન્ડમાં તેની વૃધ્ધી થાય છે. વિષાણુઓના પુરતા પ્રમાણમાં વૃધ્ધી થયા બાદ વ્યકિતને ૭ થી ૧૦ દિવસમાં ડેન્ગ્યુના લક્ષણો દેખાય છે. જેને ઈન્કયુબેશન પિરીયડ કહેવામાં આવે છે. સામાન્ય રીતે વરસાદ બાદ ૧૪ થી ૨૦ દિવસ બાદ ડેન્ગ્યુ રોગનો ફેલાવો ચાલુ થાય છે. આથી ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે લોકોએ સ્વયંજાગૃત રહી ઘરની સફાઈ કરવી જોઈએ.

લોકોને ખાસ અપીલ છે કે દરેક નાગરિક ડેન્ગ્યુ નિયંત્રણ અંગેની આ ઝુંબેશમાં જોડાય. લોકોએ અઠવાડિયામાં ફકત ૧ વખત તેઓના ઘરમાં દરેક સ્થળે મચ્છરોના ઉદભવ સ્થાનોની સફાઈ કરવી.

- ઘરમાં દરેક સ્થળે અગાશીથી, ઘરની અંદર નવેરુ તથા ઘરની બહાર ઓસરી તથા શેરીમાં જયાં પાણી ભરેલ ટાંકી હોય અથવા પાણી એકઠુ થતુ હોય તેવા ઉપર દર્શાવેલ તમામ સ્થળ ચકાસી જો પાણી જમા રહેતું હોય તો પાણીનો નિકલ કરવો.
- પાણી સંગ્રહ કરવાના તમામ પાત્રો હવાચુસ્ત બંધ રાખવા.
- નળની કુંડીમાં પાણી ગયા બાદ સાવ કોરી કરી સાફ કરવી.
- ફ્રિજની ટ્રે દર ત્રીજા દિવસે ખાલી કરી ઘસીને સાફ કરવી.
- વરસાદ બંધ થયા બાદ છોડના કુંડામાં જમા રહેતું વધારાનું પાણી ખાલી કરવું.
- બિનજરૂરી પક્ષીકુંજ ભરવા નહિં. જો ભરો તો દરરોજ પક્ષીકુંજને અંદરથી ઘસી સાફ કરવા.
- અગાસી, છજજા વગેરેમાં ટાયર તથા અન્ય ભંગાર ન રહે તેની તકેદારી રાખવી.

**રોગ અટકાયત એજ ઉત્તમ પગલુ છે.**

**એડીસ મચ્છરો આપણા માટે ખતરા સમાન છે, તેના ઉત્પતી સ્થાનો નાબુદ કરીએ.**

**સૌ સાથે મળી ડેન્ગ્યુ સામે લડીએ.**

**આરોગ્ય અધિકારી**
**રાજકોટ મહાનગરપાલિકા**